# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-05-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## P.M મોદી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ઇસ્લામાબાદને એક કડક સંદેશ આપતા કહ્યું કે પાકિસ્તાનમાં એવી કોઈ જગ્યા બાકી નથી જ્યાં આતંકવાદીઓ શાંતિથી શ્વાસ લઈ શકે. તેમણે કહ્યું કે, ભારત પાસે આતંકવાદીઓને તેમના ઘરોમાંથી ખતમ કરવાની ક્ષમતા છે. શ્રી મોદીએ પંજાબના આદમપુરમાં એરફોર્સ સ્ટેશન ખાતે વાયુસેનાના યોદ્ધાઓ અને સૈનિકો સાથે વાતચીત કરતી વખતે આ મુજબ જણાવ્યું હતું. ઓપરેશન સિંદૂરની સફળતાને બિરદાવતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતે પાકિસ્તાનમાં નવ આતંકવાદી છાવણીઓનો નાશ કર્યો છે અને 100 થી વધુ આતંકવાદીઓને ખતમ કર્યા છે.

શ્રી મોદીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂરે દેશનું મનોબળ વધાર્યું છે, દેશને એકતાની દોરીમાં બાંધ્યો છે અને ભારતની સરહદોનું રક્ષણ કર્યું છે. તેમણે કહ્યું કે, સશસ્ત્ર દળોએ દેશના ગૌરવને એક નવી ઊંચાઈ આપી છે જે અભૂતપૂર્વ, અકલ્પનીય અને અસાધારણ છે.

-----------------------------------------------------------------------------------

## રવિ પાક:

ગઈકાલે ગાંધીનગરમાં કૃષિ ભાવ પંચની બેઠકમાં વર્ષ 2026-27 માટે રવિ પાકનાં ટેકાના ભાવ નક્કી કરવામાં આવ્યાં.

કૃષિ મંત્રી રાઘવજી પટેલ બેઠકમાં જણાવ્યું કે, ઘઉ પિયત માટે પ્રતિ ક્વિન્ટલ 4200, ચણા માટે 7400 અને રાઈ ના ક્વિન્ટલ દીઠ 7600 જ્યારે શેરડી માટે એક ટનના 630 નક્કી કરવામાં આવ્યા છે. ગત વર્ષ કરતાં 5 થી 10 ટકા ભાવ વધારો સૂચવાયો છે

ભારતીય કિસાન સંઘના મહા મંત્રી આર.કે પટેલ જણાવ્યું હતું કે, સરકારે ગત વર્ષે ઘઉંના ટેકાના ભાવમાં વધારો કર્યો છે, રાઈ ચણા શેરડીમાં પણ ભાવ વધારો કર્યો છે. ભારત સરકાર MSP ના ભાવ વધારાને મંજૂર કરે તેવી આશા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર ટેકાના ભાવે ખેડૂતોની વિવિધ જણસની ખરીદી કરે છે.

---------------------------------------------------------------------------------------------

## ભારત-પાક યુધ્ધ રજા:

ભારત-પાકિસ્તાન વચ્ચે ઊભી થયેલી યુદ્ધની સ્થિતિને પગલે રાજ્ય સરકારે સાવચેતીના ભાગરૂપે તમામ સરકારી કર્મચારી અને અધિકારીઓની રજા રદ કરી હતી.

યુધ્ધ વિરામની જાહેરાતને પગલે હવે પરિસ્થિતિ સામાન્ય બનતાં સરકારે હવે રજાઓ મંજૂર કરવાનો નિર્ણય કર્યો છે. જોકે આ કર્મચારીઓએ અનિવાર્ય સંજોગોમાં તાત્કાલિક ફરજ પર હાજર થવું પડશે તેમજ રજાઓ દરમિયાન ફોન અને ઇમેલ પર સતત ઉપલબ્ધ રહેવું પડશે.

---------------------------------------------------------------------------------------------

## સિહ વસતી ગણતરી:

રાજ્યમાં 16 મી સિંહ વસતિ ગણતરીનો બીજો અને અંતિમ તબક્કો ગઈકાલે પૂર્ણ થયો. પ્રથમ તબક્કો રવિવારે પૂર્ણ થયો હતો. એશિયાઇ સિંહની ગણતરી માટે અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ સહિતનાં ૧૧ જિલ્લાનાં ૫૮ તાલુકાઓનો ૩૫,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તાર આવરી લેવામાં આવ્યો હતો.

આ સમગ્ર પ્રક્રિયાને અંતે ડેટા વિશ્લેષણ બાદ સિંહની વસતિનો અંતિમ અંદાજ અહેવાલ તૈયાર થશે. વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહની વસતિ ગણતરી કરવામાં આવે છે. છેલ્લે વર્ષ-૨૦૨૦માં ૬૭૪ જેટલા સિંહોની વસ્તી નોંધાઇ હતી.

---------------------------------------------------------------------------------------------

## હવામાન

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માટે અનેક સ્થળોએ ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. આજે સૌરાષ્ટ્ર-કચ્છમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

આગામી દિવસોમાં રાજ્યમાં વાતાવરણમાં પલટો જોવા મળી શકે છે, જેમાં હળવા વરસાદની સાથે પવનની ગતિ પણ વધુ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના તાપમાનમાં 3 થી 5 ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાઈ શકે છે.

---

## માધ્યમિક ઉ.મા. પરિણામ-ગુણ ચકાસણી અરજી:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને સંસ્કૃત પ્રથમાનાં પરિણામ બાદ જે ઉમેદવારો ગુણ ચકાસણીની અરજી કરવા ઇચ્છતા હોય તેઓ બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા ssc.gseb.org પર આજથી 20 મેનાં રોજ સાંજનાં પાંચ વાગ્યા સુધી રજીસ્ટ્રેશન કરી ઓનલાઇન અરજી કરી શકશે. અરજી માત્ર ઓનલાઇન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે.

---

## યુધ્ધ વિરામ જન જીવન પુર્વવત:

ભારત પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામ બાદ સરહદ સાથે જોડાયેલા પૂર્વથી પશ્ચિમ કચ્છ સુધીના તમામ ગામોમાં જનજીવન સામાન્ય થયું છે. ચિંતાભર્યા માહોલ બાદ લોકો હવે રોજિંદી પ્રવૃત્તિઓમાં પાછા ફર્યા છે. ભુજ તાલુકાના દુર્ગમ ખાવડામાં પણ પરિસ્થિતિ સામાન્ય બની હોવાનું જાણવા મળ્યું છે. સ્થળાંતરીત થયેલા મજૂરો હવે પાછા ફરી રહ્યા છે.

---